# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]


**પરીપત્ર**

**વિષય :** તા.૩૦ અને ૩૧ ઓગષ્ટ, ૨૦૨૫ ના રોજ "નેશનલ સ્પોર્ટ્સ ડે" ની ઉજવણીમાં સહભાગી થવા બાબત.

**સંદર્ભ :** જીલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, જૂનાગઢના પત્ર ક્રમાંક:ડી.એસ.ઓ./સ્પોર્ટ્સ ડે/૨૦૨૫-૨૬/૫૮૧, તા.૨૬/૦૮/૨૦૨૫

અત્રેની યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, જૂનાગઢ જિલ્લાની અત્રેની યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રી/ઈન્ચાર્જશ્રીઓ તેમજ તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનો અને શૈક્ષણિક/બિન શૈક્ષણિક અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓને ઉક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, ભારત સરકાર દ્વારા વર્ષ-૨૦૧૨થી ૨૯મી ઓગષ્ટના રોજ હોકીના જાદુગર મેજર ધ્યાનચંદજીના જન્મદિવસ નિમિતે "નેશનલ સ્પોર્ટ્સ ડે"ની ઉજવણી કરવામાં આવે છે.

જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જૂનાગઢના માધ્યમથી રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી જિલ્લાકક્ષા/મ.ન.પા. કક્ષાનો ભવ્ય કાર્યક્રમનું તા.૩૦/૦૮/૨૦૨૫ના રોજ પોલીસ, પી.ટી.સી. ગ્રાઉન્ડ, બીલખા રોડ, જૂનાગઢ ખાતે આયોજન કરવામાં આવનાર છે. જેનું રજીસ્ટ્રેશન સરદાર પટેલ રમત સંકુલ, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતે તા.૨૯/૦૮/૨૦૨૫, સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી કરાવી શકાશે. જેમાં જૂનાગઢ જિલ્લાની અત્રેની યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનો તથા સંલગ્ન કોલેજોના મહત્તમ વિદ્યાર્થીઓ નોંધણી કરાવે તેવી સુચના આપવામાં આવે છે.

વધુમાં તા.૩૧/૦૮/૨૦૨૫ ના રોજ **"Sunday On Cycle"** કાર્યક્રમ હેઠળ સાઇક્લોથોનનું આયોજન કરવામાં આવનાર છે. આ ઉજવણીમાં યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, જૂનાગઢ જિલ્લાની અત્રેની યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રી/ઈન્ચાર્જશ્રીઓ તેમજ તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનો અને શૈક્ષણિક/બિન શૈક્ષણિક અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓને ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

**કાર્યક્રમના આયોજન અંગેની માહિતી આ સાથે સામેલ બિડાણ મુજબ રહેશે.**

રજીસ્ટ્રાર
ભક્ત કવિ નરસિંહ મહેતા
યુનિવર્સિટી, જૂનાગઢ

**બીડાણ : ઉક્ત સંદર્ભ પત્રની નકલ**

ક્રમાંક:બીકેએનએમયુ/શા.શિ./૧૭૦/૨૦૨૫, તા.૨૮/૦૮/૨૦૨૫

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિ. રોડ,

ખડિયા, જૂનાગઢ-૩૬૨ ૨૬૩.

**પ્રતિ,**

અત્રેની યુનિ. સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, જૂનાગઢ જિલ્લાની અત્રેની યુનિ. સંલગ્ન કોલેજો/અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રી/ઈન્ચાર્જશ્રીઓ તેમજ તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઇઓ/બહેનો અને શૈક્ષણિક/બિન શૈક્ષણિક અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ તરફ...

**નકલ રવાના :**

(૧) માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ (જાણ અર્થે) (૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)

# સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત

જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર – જુનાગઢ

સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, જુનાગઢ – મેંદરડા રોડ, ગાંધીગ્રામ – જુનાગઢ

Email:- dso-sycd-jngcity@gujarat.gov.in


જા.નં./ડી.એસ.ઓ./સ્પોર્ટ્સડે/૨૦૨૫-૨૬/૫૮૬ તા.૨૬/૦૮/૨૦૨૫

પ્રતિશ્રી,

સરકારી અધિકારીશ્રી, કર્મચારીશ્રી, તમામ

અર્ધ સરકારી અધિકારીશ્રી, કર્મચારીશ્રી, તમામ

સહકારી, અધિકારીશ્રી, કર્મચારીશ્રી, તમામ

વ્યવસાયિક એકમો તથા જુનાગઢ જીલ્લાના તમામ નાગરિકો તમામ,
જિ. જુનાગઢ

વિષય : ૨૯મી ઓગસ્ટ-૨૦૨૫ ના રોજ હોકી જાદુગર સ્વ. મેજર ધ્યાનચંદના જન્મદિવસ નિમિતે "નેશનલ સ્પોર્ટ્સ ડે" ની ઉજવણી બાબત.

સંદર્ભ : શ્રી હરિરંજન રાવ, સચિવશ્રી, ખેલ વિભાગ, યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલયના તા.૦૪/૦૮/૨૦૨૫ ના પત્ર H DO NO. 01-10007(01)/101/2025-HO-KHELO

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભિત પત્ર અનુસંધાને જણાવવાનું કે, હોકીના જાદુગર મેજર ધ્યાનચંદજીનાં જન્મદિવસ ૨૯ ઓગસ્ટને વર્ષ ૨૦૧૨થી રાષ્ટ્રીય રમત દિવસ તરીકે ભારત સરકાર દ્વારા જાહેર કરી ઉજવણી કરવામાં આવે છે. ત્યારે સમગ્ર દેશ તેમના હોકી રમત અને દેશ પ્રત્યેના સમર્પણને સન્માન આપી રહ્યો છે ત્યારે જુનાગઢ જીલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જુનાગઢના માધ્યમથી રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી જીલ્લાકક્ષા/મ.ન.પા કક્ષાનો ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે.

| ક્રમ | રમત | તારીખ | સમય / સ્થળ |
|---|---|---|---|
| ૧ | ૧૦૦મિ. દોડ | ૩૦/૦૮/૨૦૨૫ | સવારે ૦૭:૦૦ કલાકે<br>પોલીસ, પી.ટી.સી. ગ્રાઉન્ડ, બીલખા રોડ, જુનાગઢ |
| ૨ | ગોળા ફેંક | | |
| ૩ | ફૂટબોલ | | |
| ૪ | રસ્સાખેચ | | |

ઉપરોક્ત તમામ સરકારી, અર્ધસરકારી, સહકારી, અને વ્યવસાયિક પ્રતિસ્થાનમાં કાયમી, કરાર આધારિત કે આઉટસોર્સિંગથી ફરજ બજાવતા અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, વ્યવસાયિક એકમો તથા જુનાગઢ જીલ્લાના તમામ નાગરિકો આ સ્પર્ધામાં ભાગ લઈ ફીટ ઈન્ડિયા મુવમેન્ટસમાં સહભાગી બનવા આમંત્રિત કરવામાં આવે છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે સરદાર પટેલ રમત સંકુલ, ગાંધીગ્રામ, જુનાગઢ કચેરી ખાતે તા.૨૯/૦૮/૨૦૨૫, સાંજે ૦૬:૦૦ કલાક સુધીમાં નોંધણી કરવાની રહેશે.

વધુમાં **"Sunday On Cycle"** કાર્યક્રમ હેઠળ તા.૩૧/૦૮/૨૦૨૫ ના રોજ ઝાંસીની રાણીના પુતળા, સરદારબાગ, જુનાગઢ થી સવારે ૦૭:૦૦ કલાકે જિલ્લા વહીવટી તંત્ર જુનાગઢ ખાતે મહાનગરપાલિકા જુનાગઢના માર્ગદર્શન હેઠળ સાઈકલોથોનનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સરકારી, અર્ધસરકારી, સહકારી, અને વ્યવસાયિક એકમોમાં કાયમી, કરાર આધારિત કે આઉટસોર્સિંગથી ફરજ બજાવતા અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, તથા જુનાગઢ જીલ્લાના તમામ નાગરિકોએ આ ભવ્ય સાઈકલોથોનમાં ભાગ લેવા સાઈકલ સાથે ઉપસ્થિત રહેવા આથી જણાવવામાં આવે છે.

**સ્પર્ધા તારીખ : ૩૧/૦૮/૨૦૨૫**
**સ્પર્ધા સમય : સવારે ૦૭:૦૦ કલાકે**
**સ્પર્ધા રૂટ : ઝાંસીની રાણીના પુતળા, સરદારબાગ પાસેથી મોતીબાગ સુધી પરત ઝાંસીની રાણીના પુતળા સુધી**

જિલ્લા રમત ગમત અધિકારી
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર
જુનાગઢ

**<u>નકલ રવાના સવિનય જાણ સારું:</u>**
માન. કલેક્ટરશ્રી, જુનાગઢ.
માન. સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.